# Ahmedabad Chamber Of Commerce Welfare Foundation

A/32,Sanidhya Complex, Next to Devnandan Mall, Opp. Sanyaas Ashram,
Ashram Road, Navrangpura, Ahmedabad.380009.
E-mail : admn.accwf@gmail.com

Chairman
**Jayendra Tanna**
9824145318, 7567515740

Vice Chairman
**Ashok Patel**
9825025300

Secretary
**Himan Parikh**
9327004192


પ્રતિ,　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તા. ૨૭-૦૧-૨૦૨૧

શ્રી સંજય શ્રીવાસ્તવ, આઈપીએસ
માનનીય પોલીસ કમિશનર,
અમદાવાદ.

**<u>વિષય: પોલીસની વાહન ચેક કરવાની સત્તા મર્યાદિત કરી ટ્રાફિકની સમસ્યા હળવી બનાવવા અંગે</u>**

સાદર પ્રણામ,

અમદાવાદ જ્યારે સ્માર્ટ સિટી બનવાની દિશામાં દોટ મૂકી રહ્યું છે ત્યારે અમદાવાદ શહેરની વિકટ બનતી જતી ટ્રાફિકની સમસ્યાને હળવી બનાવવા માટે અમદાવાદ પોલીસ દ્વારા છેલ્લા થોડા વર્ષોમાં સરાહનીય પગલા ભરાયા છે. ટ્રાફિક જંક્શન પર લાગેલા સીસીટીવી કેમેરા હોય કે પછી વાહન ચાલકના ઘરે સીધા જ મોકલાતા ઈ-ચલણ, અમદાવાદ પોલીસની પહેલને કારણે વાહન ચાલકોમાં ટ્રાફિકના નિયમો અંગે જાગૃતિ પણ આવી છે અને લોકો ટ્રાફિકના નિયમનું કડક પાલન કરતા થયા હોવાથી ટ્રાફિકની સમસ્યા અમુક અંશે હળવી બની છે. આમ છતાં અમદાવાદ શહેરની સીમાઓ વિસ્તરી રહી છે અને સાથે સાથે વાહન ચાલકોની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે જેને કારણે શહેરમાં ટ્રાફિક હળવો કરવાનું કામ મુશ્કેલ બની ગયું છે. આ કારણે ખાસ કરીને માલ અને સર્વિસની ડિલિવરી કરતા વેપારીઓને પારાવાર મુશ્કેલી પડી રહી છે. અમદાવાદના નાના-મોટા વેપારીઓ-ટ્રેડર્સના પ્રતિનિધિ તરીકે અમદાવાદ ચેમ્બર ઑફ કોમર્સ વેલ્ફેર ફાઉન્ડેશન આપની સમક્ષ શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી બનાવવા માટે અમુક સૂચનો પ્રસ્તુત કરી રહ્યું છે જેને આપ ધ્યાનમાં લઈ યોગ્ય પગલા ભરશો તેવી આશા છે.

ઘણા કિસ્સામાં એવું જોવા મળે છે કે જંક્શન પર ઉપસ્થિત ટ્રાફિક પોલીસ વાહનોના ચેકિંગમાં વ્યસ્ત હોવાથી ટ્રાફિકના નિયમોનું પાલન થાય છે કે નહિ તેના પર તેઓ પૂરતું ધ્યાન આપી શકતા નથી. સુરત શહેરમાં જેમ નિર્ણય લેવાયો છે તેમ અમદાવાદમાં પણ ટ્રાફિક બ્રિગેડ હોમગાર્ડ તથા જીઆરડીના માણસો પાસેથી વાહનોને રોકવાની અને ચેક કરવાની સત્તા પાછી ખેંચવામાં આવે. તેઓ સંપૂર્ણ ધ્યાન ટ્રાફિકનું નિયમન કરવા પર આપશે તો ટ્રાફિકની સમસ્યા હળવી બનાવી શકાશે.

ટ્રાફિક બાબતે ચેકિંગ કરવાની સત્તા ફક્ત પીએસઆઈ અથવા તો સ્પેશિયલ સ્ક્વોડના માણસોને જ આપવામાં આવે. ટ્રાફિકના પીક અવર્સ એટલે કે સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫થી ૭ દરમિયાન શહેરના સૌથી અગત્યના વિસ્તારો તથા ટ્રાફિક જંક્શન પર ટ્રાફિક પીઆઈઓ તથા પીએસઆઈઓ હાજર રહે તો તેનાથી આ અગત્યના કલાકો દરમિયાન ટ્રાફિકનું નિયમન કરવામાં સરળતા રહેશે.

જો ટ્રાફિકનું યોગ્ય નિયમન થશે તો અમને વિશ્વાસ છે કે વાહન ચાલકો સામે કરાતી દંડનીય કાર્યવાહીમાં પણ ઘટાડો થશે. આથી હાલ જે વિશાળ સંખ્યામાં પોલીસ કર્મીઓ વાહનોના ચેકિંગમાં રોકાયેલા રહે છે તેમને ટ્રાફિકના નિયમનમાં રોકવામાં આવે તો શહેરનો ટ્રાફિક વધુ શિસ્તબદ્ધ બનાવી શકાશે.

અમદાવાદ શહેરને ખરેખર સ્માર્ટ સિટી બનાવવું હશે, વેપાર-ધંધા-રોજગાર વધારવા હશે તો ટ્રાફિકની સમસ્યા હળવી બનાવવી જ પડશે. સુરત શહેરે આ દિશામાં સરાહનીય પગલા ભર્યા છે. આ પત્ર સાથે અમે સુરત પોલીસ કમિશનર દ્વારા લેવાયેલા પગલા અને તેના ફાયદા અંગે વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ અહેવાલ જોડી રહ્યા છીએ. અમને આશા છે કે આવા જ પગલા અમદાવાદમાં પણ ભરાય તો ટ્રાફિકની સમસ્યા મહદંશે હળવી બનાવી શકાશે. વાહન ચાલકો અને શહેરના વિકાસના હિતમાં આપ આ દિશામાં યોગ્ય પગલા ભરશો તેવી આશા છે.

આપનો વિશ્વાસુ,

જયેન્દ્ર વી. તન્ના,
પ્રમુખ,
અમદાવાદ ચેમ્બર ઑફ કોમર્સ વેલ્ફેર ફાઉન્ડેશન

# Ahmedabad Chamber Of Commerce Welfare Foundation

A/32,Sanidhya Complex, Next to Devnandan Mall, Opp. Sanyaas Ashram,
Ashram Road, Navrangpura, Ahmedabad.380009.
E-mail : admn.accwf@gmail.com

| Chairman | Vice Chairman | Secretary |
|---|---|---|
| **Jayendra Tanna** | **Ashok Patel** | **Himan Parikh** |
| 9824145318, 7567515740 | 9825025300 | 9327004192 |


તા. ૨૭-૦૧-૨૦૨૧

# ટ્રાફિક પીએસઆઈની નીચેના કોઈ કર્મચારી વાહન ચેકિંગ નહીં કરી શકે: પો.કમિ. શર્મા

સુરત, તા.૨૦

સુરત શહેરની ટ્રાફિકની સમસ્યાને સુધારવા માટે હંમેશા સક્રિય રહેતા પોલીસ કમિશ્નર સતીશશર્મા એ આજે ફરીએકવાર શહેરના હીતમાં નિર્ણય લીધો છે. જેનાથી લોકો અને



પોલીસ વચ્ચેનું ઘર્ષણ તો ઘટી જશે પરંતુ શહેરની ટ્રાફિક ની સમસ્યામાં નોંધ પાત્ર ઘટાડો થવાની શક્યતા છે.

પોલીસ કમિશ્નર સતીશશર્માએ આજે ટ્રાફિક શાખા ના અધિકારીઓ સાથે મિટિંગ કરી હતી જેમાં એક મહત્વ નો નિર્ણય લેવાયો હતો, તે મુજબ હવેથી ટ્રાફિક પીઆઈઓ પીએસઆઈઓ અને સેબીના ઇન્ચાર્જ એ ભરચક ટ્રાફિક દરમિયાન સવારે 10થી 12કલાક અને સાંજના 5થી 7દરમિયાન તેમના વિસ્તારના સૌથી અગત્યના વિસ્તાર માં હાજર રહી ને ફરજ બજાવવી પડશે. તેમજ ટ્રાફિક બ્રિગેડ હોમગાર્ડ અને જીઆરડી ના માણસો ને કોઈ પણ પ્રકારના વાહનને રોકવાની અથવા તો ચેક કરવાની સત્તા નથી જેથી હવેથી ટીઆરબી હોમગાર્ડ અને જીઆરડીના માણસો એ માત્ર ટ્રાફિક નું જ નિયમન કરવાનું રહેશે જ્યારે હવેથી ટ્રાફિક બાબતની ચેકિંગ કરવાની સત્તા માત્ર પીએસઆઇ અથવાતો સ્પેશ્યલ સ્ક્વોડ ના માણસોને જ આપવામાં આવી છે અને એ.એસ.આઈ હેડ કોન્સ અને પોલીસ કોન્સ્ટેબલ હવેથી કોઈ પણ પ્રકારનું ચેકિંગ કરીશકશે નહિ અને ટ્રાફિક શાખા ના તમામની મેમો બુક પરત લેવા માટે હુકમ કરી દેવાયો છે જેથી ટ્રાફિક પોલીસ ચેકિંગ નહિ કરે તો ટ્રાફિક ના નિયમન પર વધુ ધ્યાન આપી શકશે આ ઉપરાંત પો.કમિ સતીશ શર્મા એ ટ્રાફિક શાખા ના કર્મચારીઓ ને સારા માં સારો યુનિફોર્મ પેહરી ને આવવાની તાકીદ કરી છે.પોલીસ કમિશ્નર ના આ નિર્ણયથી ટ્રાફિક શાખા માં ફરજ બજાવતા કર્મચારીઓ નો ત્રાસ ઘટાડાઈ જશે પણ લોકો આ નિર્ણય ને ચોક્કસ આવકારશે તેમ જણાઈ રહ્યું છે

## ટ્રાફિક સમસ્યાને નાથવા આવદારદાયક નિર્ણય: ટ્રાફિકબ્રિગેડ, હોમગાર્ડ અને જીઆરડીના જવાનો કોઈ વાહન રોકી નહીં શકે

## ટ્રાફિક શાખાના તમામની મેમો બુક પરત લેવા હુકમ: સારામાં સારો યુનિફોર્મ પહેરવા પણ તાકીદ કરી